## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ધોમધખતા તાપ વચ્ચે હાશનું જળ થઈ જવું,
સૂર્યને ઢાંકીને ચાલે, એવું વાદળ થઈ જવું.
માન્યું કે, જોખમ ઘસરકાનું છે એમાં, ને છતાં,
સત્યને લઈ ભીડ વચ્ચે સ્હેજ આગળ થઈ જવું.

- સાકેત દવે

### પાથેય

- રમેશ ઠક્કર

## સત્યની છડી...

સતત પડી રહેલી ગરમીના માહોલનો એક સન્નાટો પણ સદી જતો હોય છે..અવિરતપણે વરસતી અગન લૂ અને બપોરના સમયે સૂમસામ થઈ જતી સડકો અને સ્તબ્ધ થઈ જતાં મકાનો ચુપકીદીનો પર્યાય બની જાય છે..માણસ અને પશુ પંખી ક્યાંક હાશકારો શોધવા ફાંફાં મારતાં રહે છે..કોઇક છાંયડો કે કોઈ અજાણ્યા વૃક્ષની પનાહમાં એ જયારે આશરો પામે છે ત્યારે એ હાશ અનુભવે છે..શાંત તળાવમાં જેમ જળ સ્થિર થઈ જાય એ રીતે એની આ હાશ પણ બળબળતા તાપ વચ્ચે જો જેવી જ બની જાય છે..

તાપને આપણે વિપદનો પર્યાય ગણીએ તો એના સામના માટે એ જ રીતે સજ્જ થવું જરૂરી બની જાય છે..આકાશથી અવિરત ધખી રહેતા સૂરજને ઢાંકવા માટે વાદળીઓ આમતેમ દોડતી રહે છે..સૂરજને મસમોટા કારોબાર સામે એકલદોકલ ભેગી થઈ જતી વાદળીઓની આમ જોઇએ તો શી વિસાત ? પરંતુ કહેવાયું છે ને કે લાખો નિરાશામાં એક અમર આશા છૂપાઇ છે એ રીતે જ આ નાનકડું જૂથ પણ સૂરજને તાપ સામેની ઢાલ બની જતી હોય છે..કવિ કહે છે જગતમાં અનેક અડચણો પારાવાર મુશ્કેલીઓ ભલે હોય આપણે એની સામે એક આશાવાદી વાદળ બની ધબકતા રહેવું જરૂરી છે..સૂર્યને ઢાંકીને ચાલતી વાદળીઓનો ઠસ્સો એક ખુમારી છે..જે જીવન જીવવાનું બળ પુરૂં પાડે છે..આભમાં ભલે આગ ઝરે પણ જો આપણી આશાઓ વાતો બની અવતરે તો ચોતરફ ગુલમહોર ઝરે એવો માહોલ રચી શકાતો હોય છે.

કોઇપણ વિપદ સામે બાથ ભીડવા એટલી આસાન નથી હોતી.. એમાં ઘસરકા કે ઇજા થાય એ સહજ હોય છે..આવો એકાદ ઘસરકો લેવાનું જોખમ પણ ખેડવા જેવું હોય છે..દુનિયામાં જે કંઈ દૂરિત છે,દૂષિત છે..કલુષિત છે કે અસત્યના કારોબાર જેવું છે એની સામે સત્ય કે પ્રેમની છડી પોકારતા રહેવું એ જ સાચી ઓળખ હોય છે..આપણે વાતવાતમાં ધરાશયી બનતા રહીએ છીએ..અડીખમ ટકીને થોડીવાર માટે પણ અંધકાર સામે પ્રકાશ રેલાવવાનો એક નાનો પ્રયાસ પણ યાદગાર હોય છે..આવી નાની નાની ખુમારીભરી ઘટનાઓ જ એક મોટી સફળતાનો પથ બની જાય છે..જૂઠાણાઓ કે જુલ્મોની ભીડભાડ વચ્ચે સત્યની એકાદી છડી લઇ ચાલતા રહેવું એ સાચે જ સાચી દિશાની સફર બની જતી હોય છે..

# કોંગ્રેસમાં 'માધવસિંહ યુગ' સમાપ્ત

**તંત્રીસ્થાનેથી...**

જેમ રાષ્ટ્રીય સ્તરે અને સવિશેષ ગુજરાતના રાજકારણમાં છેલ્લાં વીસ વરસથી નરેન્દ્ર મોદીનો દબદબો છે. તેમ ક્યારેક ગુજરાતના કોંગ્રેસી રાજકારણમાં વર્ષો લગી માધવસિંહ સોલંકીનો દબદબો હતો. મગનભાઈ બારોટ અને સનત મહેતા જેવા માધવસિંહના વિરોધી જૂથના નેતાઓ મજાકમાં એ સમયગાળાને અભિનવ સોલંકીયુગ કહેતા. ગુજરાતના ઈતિહાસમાં સિદ્ધરાજ જયસિંહનો શાસનકાળ સુવર્ણયુગ ગણાય છે. એ સોલંકીવંશનો રાજવી હતો જેણે ગુજરાતને રાષ્ટ્રના સર્વોત્તમ પ્રદેશ તરીકે પ્રસ્થાપિત કર્યું હતું. એના શાસનકાળમાં જૈનાચાર્ય હેમચંદ્રસૂરિ રચિત વ્યાકરણગ્રંથ સિદ્ધહેમ શબ્દાનુશાસનને હાથીની અંબાડી પર વિરાજમાન કરી શોભાયાત્રા યોજાયેલી જેમાં રાજાધિરાજ પાટણપતિ પોતે જૈન મુન સાથે નગરના રાજમાર્ગો પર પગપાળા ફર્યા હતા. માલવાના રાજા યશોવર્મા અને જૂનાગઢના રા'નવઘણને પરાજિત કરી પાટણ નરેશે - ગૂર્જન નરેશે - અજેય મહારાજાધિરાજ તરીકેની ખ્યાતિ અર્જિત કરી હતી. પ્રજાની સુખાકારી માટે એમના સમયમાં સહસ્ત્રલિંગ તળાવ બંધાવ્યું હતું. આવા ઐતિહાસિક રાજવી સાથે જેની સરખામણી થતી રહેતી તે માધવસિંહ સોલંકી મૂળે ઓબીસી ક્ષત્રિય હતા. એમને કુદરતે જ રાજકારણમાં ધકેલ્યા હતા; નહીંતર પ્રકૃતિથી તેઓ કવિહૃદયના સંવેદનશીલ જણ હતા અને વકીલાત ઉપરાંત પત્રકારત્વ જેવી બાબતો સાથે સંકળાયેલા હતા. માધવસિંહ સોલંકીનો રાજકીય પ્રવેશ એમના પ્રખર જ્ઞાતિવાદી શ્વસુર ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડાની એક ટેકનિકલ ભૂલનું પરિણામ હતું. એ બધો ઈતિહાસ ન ઉખેળીએ પણ જયારથી માધવસિંહ ગુજરાતના રાજકારણમાં પ્રવેશ્યા ત્યારથી કોંગ્રેસને એક નવો 'લૂક' મળ્યો હતો જે પરંપરાગત શ્રેષ્ઠી સમુદાયના આગેવાનો નેતાઓના સકંજામાંથી સીધી જ ગરીબ, શોષિત, વંચિત સમુદાયના આગેવાનો માટેનું રાજકીય પ્લેટફોર્મ બની રહી હતી, માધવસિંહના પૂર્વસૂરિ રતુભાઈ અદાણી, ચીમનભાઈ પટેલ, કાંતિલાલ ઘીયા અને ઝીણાભાઈ દરજીએ ઈંદિરાજીને ગુજરાતમાં મોરારજી દેસાઈ જેવા પ્રચંડ પ્રતિભાશાળી અને શુદ્ધ ગાંધીવાદી નેતાની સામે પ્રસ્થાપિત કર્યા હતા. માધવસિંહ તો ઈંદિરાજીના નેતૃત્વવાળી કોંગ્રેસમાં પાછળથી ઉમેરાયા હતા. પરંતુ પછીનાં વર્ષો દરમિયાન એમની વિશિષ્ટ અને પ્રશિષ્ટ પ્રતિભાના જોરે તેઓ ઈંદિરા ગાંધી જીવ્યાં ત્યાં સુધી એમના સૌથી નિકટના વફાદાર સાથી રહ્યા હતા. માધવસિંહની રીતિનીતિથી અકળાયેલા સિનિયર નેતાઓની ઈંદિરા ગાંધીએ ધરાર અવગણના કરવાનું વલણ દાખવેલું જેના પરિણામ સ્વરુપે ઈન્દિરાજીને ગુજરાત બતાવનારા વરિષ્ઠ ગાંધીવાદી નેતા રતુભાઈ અદાણીએ વ્યથિત થઈને રાષ્ટ્રીય કોંગ્રેસ નામે પ્રાદેશિક પાર્ટી બનાવી હતી જેનો કરુણ રકાસ થયો હતો. મોરારજી દેસાઈના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં બાબુબાઈ જશભાઈ જેવા નેતાઓ જરૂર સક્રિય થયા, ચીમનભાઈ પણ મેદાનમાં રહ્યા પણ માધવસિંહ પાસે ઓબીસી સમુદાય ઉપરાંત અનુસૂચિત જાતિ, જનજાતિ અને લઘુમતિ વર્ગોનો મજબૂત ટેકો હોઈ માવધસિંહ એક તબક્કે ગુજરાતની ૧૮૨ પૈકી ૧૪૯ બેઠકો કોંગ્રેસની ઝોળીમાં ઠાલવવામાં સફળ થયા હતા. અનામત વિરોધી આંદોલનનો કારણે માધવસિંહને પદ છોડવું પડ્યું હતું. એમણે રાજીવ ગાંધીની હત્યા પછી વડાપ્રધાન પદે આવેલા પી.વી. નરસિંહ રાવે તો એમેન વિદેશમંત્રી જેવી અતિ મહત્ત્વની જવાબદારી સોંપી હતી. જો કે બહુચર્ચિત 'ચિટ્ઠી' પ્રકરણમાં માધવસિંહના સક્રિય રાજકારણનો અંત આવ્યો હતો અને એમનું પ્રજાલક્ષી શાસન અને લોકપ્રિયતા જેવી બાબતોને વટાવવા માટે પાર્ટીએ એમના જયેષ્ઠ પુત્ર ભરત સોલંકીને મહત્ત્વ આપવાનો વિકલ્પ સ્વીકારાયો હતો. માધવસિંહ કોઈ ચૂંટણી હાર્યા નહોતા. વળી આણંદ પંથક - મધ્યગુજરાત ઉપરાંત આદિવાસી - દલિત બેઠકો પર એમનો પ્રભાવ રહ્યો હતો. ભરતસિંહ સોલંકી કેન્દ્રના રાજયકક્ષાના મંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જેવાં પદો પર રહ્યા હતા. અહમદ પટેલના રાજકીય પ્રભાવ છતાં સોલંકી પરિવારની અવગણના કરી શકાતી નહોતી. ભરતસિંહ સોલંકી એમના દિવંગત નાના ઈશ્વરભાઈ ચાવડાની પરંપરાગત સંસદીય બેઠક આણંદનું વારંવાર પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. જો કે મોદી મોજા હેઠલ છેલ્લે એ બેઠક પર એ હાર્યા છતાં ગુજરાતના કોંગ્રેસકારણમાં અહમદ પટેલ પછી સૌથી પ્રભાવશાળી નેતા તરીકે એમની જ ગણના થતી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પણ ઈશ્વરભાઈ ચાવડાની નિમણૂંક કરાઈ હતી. સમય બદલાય છે ત્યારે ભલભલા મહારથીઓ રસ્તા પર આવી જતા હોય છે. ભરતસિંહના અંગત જીવનની કેટલીક વિસંગતતાઓને કારણે એમને સક્રિય રાજકારણમાંથી ફરજિયાત નિવૃત્ત થઈ જવું પડ્યું છે. કહી શકાય કે ગુજરાતમાં સોલંકીયુગ સમાપ્ત થઈ ગયો છે.

# આ છે ટ્યુશન વગર, જાત મહેનતનું પરિણામ !




વોટ્સએપમાં એવા મેસેજ વાંચવા મળ્યા હતા.તેમાં વાલી સંતાનના એડ્મિશન માટે એક સ્કૂલમાં જાય છે.સ્કૂલવાળા વાલીને કહે છે:'જરાપણ ચિંતા ન કરશો, સ્ટુડન્ટ માટે ચોપડા,બુટ-મોજા,ડ્રેસ...અહીંથી મળશે.માત્ર શિક્ષણ મેળવવા બહાર જવું પડશે !' પછી શું થયું તે વાલી ને સ્કૂલ જાણે ! પણ કોઈ સ્કૂલમાં એડ્મિશન લેવાનો ઉદ્દેશ્ય માત્રને માત્ર સારું, ઉત્તમ ને ગુણવત્તાસભર શિક્ષણ મેળવવાનો હોય છે.

છતાંપણ અમુક ધોરણ અને વિષયો માટે સ્કૂલ સિવાય અન્યત્ર શિક્ષણ મેળવવા જવું પડે તે હકીકત છે.વાલી પોતાની ત્રેવડ અને કયાંક ત્રેવડ બહાર પણ સંતાનને સારું શિક્ષણ મળે એવી અપેક્ષાએ કહે વાતી ઉચ્ચકક્ષાની-નામાંકિત,ફૂલેલી-ફાલેલી સંસ્થામાં દાખલ કરે છે.આમછતાં ટ્યુશન માટેતો અન્યત્ર મોક લવો જ પડે છે.હવે તો કોઈ સંસ્થા હોલસોલ વેપારી જેવી એક જ કેમ્પસમાં બધું પૂરું પાડતી હોય છે. તેમનું લક્ષ્ય 'મેરીટ' હોય છે. હા,અમુક સંસ્થાઓ માત્ર શિક્ષણને વરેલી છે,પણ તે સંસ્થાઓ લઘુમતીમાં છે. અને મેરીટ સામે તો આજે શિક્ષણ, કેળવણી ને જીવનઘડતર મૂલ્યવિહોણા પુરવાર થાય એવી કફોડી સ્થિતિ છે.

પણ મૂળ મુદ્દો ટ્યુશનનો છે.સારી સ્કૂલ પસંદ કર્યા પછી પણ ટ્યુશનમાં મોકલવું ફરજિયાત જેવું થઇ ગયું છે.એવું પણ લાગે કે સંતાન જ્યાં ભણે છે ત્યાં સ્કૂલ-શિક્ષક પર વિશ્વાસ નથી. તેથી મોં માગી ફી આપીને પણ વધારાનું ભણવા, ટયુશનમાં મોકલવો પડે છે.ખાસતો ઊંચું મેરીટ લાવે તેની આ સઘળી પીડા, પળોજણ હોય.વિદ્યાર્થીમાં ભરાઇ એટલી માહિતી,મળે ત્યાંથી મેળવી ભરપુર ભરી દેવી.પણ સંતાનતો મઝાનો માણસ છે..તે કંઈ ખાલી કોથળો નથી તેને ઠાંસીઠાંસીને મનફાવે તેમ ભરી દેવાનો ! દરેક સંતાનની ક્ષમતા, ખામીઓ, ખૂબીઓ ને ખાસિયતો હોય છે. તે પ્રમાણે તેમાંથી નીકળે ને નીપજે.

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.વિદ્યાર્થી મહેનત કરેતો, કોઈપણ પ્રકારના ટ્યુશન વગર,સ્કૂલના સામાન્ય ટાઈમ-ટેબલ મુજબ અભ્યાસ કરીને પણ આગળ વધી શકે છે એટલુંજ નહીં લક્ષ સિદ્ધ કરી શકે છે એવા ઉદાહરણ ભલે આંગળીના વેઢે ગણી શકાય એટલા હોય પણ છે તે નરવી હકીકત છે. સચિવાલય માં ઉચ્ચ અધિકારી તરીકે સેવારત રવજીભાઈ ગાબાણીના સંતાન ડૉ.અમિષા અને ડૉ.આશિષ બંનેએ સિદ્ધ કરી બતાવ્યું છે.નીટ-પીજીના રીઝલ્ટમાં પણ ભાઈ-બહેને પ્રશંસનિય સફળતા મેળવી છે અને હવે મેડિકલના અનુસ્નાતક અભ્યાસમાં જોડાશે.

મૂળતો ગાબાણી દંપતી શિક્ષક.જિલ્લામાં રહી શિક્ષણમાં ઉત્તમ કામ કરે.પણ સંતાનો મોટા થયાં, તેનાં માત્ર ઉછેર જ નહીં પણ સંપૂર્ણ જવાબદારી અર્થે સાથે મળી ચર્ચા કરી,જો બંને નોકરી કરીએતો સંતા નોની સંપૂર્ણ જવાબદારી યોગ્યપણે નિભાવી ન શકાય.જેથી કોઈ એક નોકરી કરે અને એક સંતાનોની સંપૂર્ણ જવાબદારી નિભાવે.આ પરસ્પરની સમજણ અને સંમતી બાબત છે.પણ હર હંમેશા સંતાન સંદર્ભે જનેતાની જીત થાય એવું નથી કહેવું પણ માતૃત્વ મેદાન મારી જાય...મા, સ્ત્રીત્વનું સમર્પણ કરી દે છે.

માતાએ સંપૂર્ણ જવાબદારી સ્વીકાર્યા પછી ભાઈ-બહેન પોતાનું લક્ષ્ય એક ચિઠ્ઠીમાં લખી સંતાડી દે છે. તે સમયાંતરે ઉઘાડું પડી જાય છે. તેમાં અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજમાં એડ્મિશન મળે તે અગાઉથી લખી રાખ્યું હતું. અથાગ મહેનતના અંતે સિદ્ધ ને સાબિત કરી બતાવ્યું. એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કરી પોસ્ટ ગ્રેજ્યુએશન માટે લાયક ઠર્યા છે. આ છે ટ્યુશન વગર, જાત મહેનતનું પરિણામ.

કોઈના ઘેર જઈએ અને સંતાન જો બાર સાયન્સમાં હોયતો આપણે પણ તદ્દન ધીમા અવાજે બોલ વાનું, તુરંત નીકળી જવાનું અને ફરી આવવાનું ટાળવું એવું આડકતરું સૂચન સમજી જવાનું હોય છે.પણ આ દંપતીએ કયારેય એવું નથી કહ્યું:'વાંચવા બેસો,ભણવામાં ધ્યાન રાખો...!'જરાય ટક..ટક..કરી નથી અને બધું કોઈ જાતના ભારણ કે ટેન્શન વગર સહજ બન્યું છે. ભાઈ-બહેન સ્વેચ્છાએ ભણ્યાં છે.

આપણે ત્યાં અમુક ટ્યુશન વર્ગો વેકેશનમાં શરુ થઈ જાય છે.શેરડીના સાંઠાને પીસાઈ એટલો પીસી નાખવામાં આવે છે...છતાંય તેમાં હોય એટલો જ રસ ને કસ નીકળે છે. બાકીતો છોતરાં હાથમાં આવે છે !

વાલીઓની યોગ્ય કાળજી અને સંતાનનો પરિશ્રમ...વગર ટ્યુશને સિદ્ધિના દ્વાર ખખડાવી શકે છે.

**છેલ્લે :**

**'ટ્યુશન' કે 'પેકેજ' વાલી તરીકેની જવાબદારીમાંથી છટકવાનું સાધન ન હોઈ શકે !**

### દિન મહિમા

- વિશ્વ પર્યાવરણ દિવસ
- વિશ્વ પ્રજાતિવાદ વિરુદ્ધ દિવસ

### આજનું ઔષધ

- શતાવરીનું ચૂર્ણ અને સાકર દૂધમાં મીક્સ કરી પીવાથી તરત જ એસીડીટી શાંત થાય છે.

### ખડખડાટ

- એક મેડમનું નામ નમ્રતા હતું. તેનો પતિ એને લાડથી 'નમુ' કહીને બોલાવતા અને હંમેશા કે'તા કે 'નમુ' મારી છે અને હું નમુનો છું.

### આજનો વોટ્સએપ

- સાચું બોલવું શ્રેષ્ઠ છે પરંતુ સાચું સાંભળી લેવું સર્વશ્રેષ્ઠ છે.

# ચંદ્રંભદ્રની પ્રથમ રાત્રિ અને શ્વાનસમુહનું રાત્રિરુદન...




દુઃખનું ઈશ્વર જેવું છે, એ સાવ નવા સ્વરૂપે આવીને આપણને અચંબામાં મુકી દે છે. નિરંજન મહેતાને એમની સુદીર્ઘ સરકારી નોંકરીના અનુભવને લીધે કન્ફ્યુઝનમાં રહેવાની ભારે ટેવ પડી ગઈ છે. કન્ફ્યુઝનની એ ઉંચાઈએ વારંવાર પહોંચી જતા જ્યારે પોતે નક્કી કરી શકતા નહીં કે પોતે સુખી છે કે દુઃખી..! જો કે એમાં નિરંજન મહેતાનો દોષ કાઢવાની ઉતાવળ કરવા જેવી નથી. સરકારમાં આ એક વિશેષ હવામાનીય (આવી પરિસ્થિતિને ગુજરાતીમાં ઈકો-સિસ્ટમ કહેવામાં આવે છે)સગવડ હોય છે જેમાં તમે સહજ રીતે સેમી-આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરી શકો. આવી અવસ્થામાં સુખ-દુઃખ મન પારખી જ ના શકાય..નિરંજન મહેતાએ લાંબી કારકિર્દીમાં અનેક ચમત્કારોનો અનુભવ કરેલ છે. એણે અનેક વિરોધાભાસો વચ્ચે કીચૂડ કીચૂડ બોલતી બારાખડી સાંભળી છે. શબ્દોને શરદી-સરેખમ જ નહીં પણ કોરોના કે કેન્સર પણ થાય છે. કારણ એને છડેચોક શબ્દોનાં અપહરણ, ચીરહરણ અને પ્રાણહરણ જેવા અનેક બનાવો સ્વચક્ષુથી જોયા છે. ઉદાહરણ તરીકેપજે લોકો રાત્રે દિકરાને તાવ આવ્યો હોય ત્યારે પડોશી પાસે પેરાસીટેમલની ટેબ્લેટ ના માંગી શકે એવા લોકો ડિઝાસ્ટરમાં કેવી રીતે રીસોર્સીઝ ભેગા કરી શકાય એના એક્ષ્પર્ટ તરીકે સન્માન અને માન્યતા પ્રાપ્ત કરતા જોયા છે. એકવાર નિરંજન મહેતાને એક ઉપલી અધિકારીએ 'સ્ટુપિડ' કહેલા.એને ખુબ ખોટું લાગેલું. નિરંજન ચાર પાંચ વાર આ શબ્દનો અર્થ ખોળી ખોળી વાંચી ગયા. પણ સરકારી નોંકરીમાં શબ્દનો અર્થ સમજવાનો નથી હોતો, પામવાનો હોય છે. બીજે દિવસે એ જ અધિકારી નિરંજનના વખાણે એટલા ચઢી ગયા કે એમ લાગે સાંજ સુધીમાં તો બે જણા વેવાઈ થઈ જશે.. પણ સંસાર જેનું નામ, શબ્દો પણ અહીં ઘસાઈ જાય એવો દુરૂપયોગ થાય. આને કારણે નિરંજનમાં ગજબનું વજનદાર મૌન ઉગ્યું છે, એ હસે છે કે રડે છે એ જ તમે નક્કી ના કરી શકો તો એ ખુશીમાં છે કે ગમમાં છે એ કેવી રીતે પામી શકો. એનો ચહેરો હમેશાં આગાહીઓને યોગ્ય રહેતો, એ હસે તો અલ્પજીવી, ક્ષીણ થતા ચંદ્રનો નજીકથી ફોટો લીધો હોય એવું, એટલે કે ડાઘાયુક્ત. શબ્દોની આ વસાહતમાં નિરંજન એક સાવ નવા જ પ્રકારના ઈગ્નોર-યોગમાં પ્રવેશ્યો છે. વળી, બે દિવસથી એના ઘેર આવેલા મહાપંડિત, શાસ્ત્રમાર્તંડ અને કોઈ જુની હાસ્ય નવલકથાના ભુલા પડેલા પાત્ર જેવા ચંદ્રંભદ્ર એમના ઘેર આવ્યા છે. આ અતિથિ-ઘટનાને સુખ કહેવું કે દુઃખ એ નિરંજનનું પીળું પડી ગયેલું અને ફાઈલ પર ફરકતા લાલ-ફિતા જેવું મન નક્કી કરી શક્યું નથી. એને મળતા લોકો એની સાથે છે કે સામે એ નક્કી કરવાની બુધ્ધિ એ છ પ્રમોશન પછી ગુમાવી બેઠો છે ત્યારે અનિર્ણાયકતાની અદભુત મનમોહક અવસ્થામાં એ ઘરનો હીંચકો હલાવી રહ્યો હતો ત્યારે અંદરથી શ્લોક બોલવાના અવાજો સાથે મહેમાનો માટેના ઓરડાનો દરવાજો ચંદ્રંભદ્રની પત્ની લોપામુદ્રાએ ખોલ્યો.

નિરંજને સહજ ભાવથી પુછ્યું, 'કેવી રહી રાત્રિની નિદ્રા...'

લોપામુદ્રાએ અંગૂલિનિર્દેશ કરતાં કહ્યું, 'આર્યપુત્રને જ પુછો, આખી રાત, ક-રોડ પછી ખ-રોડ, પછી ગ-રોડ... આવું કશુંક ભૌગોલિક બોલ્યા કરતા હતા... "

પાછળ જ ચંદ્રંભદ્ર ઉભા હતા, જેમની બહાર આવવાની આતુરતા સાંજે ઑફિસ સમય પછી ઘેર જતા કર્મચારી જેવી જણાતી હતી. જેમ ડબ્બા વગરનું એંજિન ઝડપથી આગળ વધે એવી રીતે એ આગળ વધી રહ્યા હતા. 'સુપ્રભાતં... ભાઈ નિરંજન.. ! '

નિરંજનને અવાજમાં ઑફિસની નવી સ્ટેશનરીની સુગંધ જણાઈ એટલે ઉત્સાહથી હીંચકાનો ત્યાગ કરી સર્વજનવલ્લભ ચંદ્રંભદ્રને અર્ધનમસ્કારની અદાથી સ્વાગત્યા અને કહ્યું, "સુપ્રભાતં.. મહોદય." પછી શ્વાસ ઉપર નજર રાખ્યા સિવાય પુછાઈ ગયું, 'આશા રાખું આપની નિદ્રા સુચારુરુપે સંપન્ન થઈ હશે.. '

ચંદ્રંભદ્ર એમના ચહેરા ઉપર આથમતા ચંદ્રનો જે ભાવ હતા તેને પ્રગટ કરતાં બોલ્યા, 'વત્સ...નિદ્રા તો અમને ક્યાંથી વરેલી હોય..! અનિદ્રાની એવી કોઈ રુગ્ણતા નથી, પણ ગાંધીનગરના શ્વાનસમુહનો કોઈ કાર્યક્રમ હતો, સમગ્ર નિશા દરમ્યાન એ પશુઓએ પોતાના રોકકળભર્યા અવાજોથી અમારી નિદ્રાનું હરણ કર્યું છે, મને શાપ આપવાની ઈચ્છા થૈ આવે છે, લોપામુદ્રા, એક જલપાત્ર આપો..' લોપાબેને એક પત્નીએ બતાવવી જોઈએ એવી હિમ્મત બતાવીને ચંદ્રંભદ્રને ખખડાવવા પ્રયત્ન કર્યો, ' એમને શું અભિશાપ આપશો.... બિચારા.. કુતરાઓ છે, આ જનમમાં ગાંધીનગરમાં અવતાર મળ્યો છે, તો બે રોટલા પામે છે... હવે એમને ક્ષમા કરો..' ચંદ્રંભદ્ર આવી ક્ષણોમાં પોતાના ક્રોધને ક્ષણાર્ધમાં વારી શકતા, જાણે કોઈ મોટા અધિકારી મોટી મીટીંગમાં મોટો ક્રોધ કરીને આવે અને પછી નિત્ય-ચા-પ્રદાતા પટાવાળાને જોતાં જે અક્રોધમય અને અપ્રેમમય સ્મિત નાંખે (રેલાવે, નહિ.) એ રીતે લોપામુદ્રા અને નિરંજનના આતુર ચહેરા તરફ નજર નાંખીને બોલ્યા, 'અહો.. તમારો કારુણ્યમય અભિપ્રાય સ્વીકારવા મને ઈચ્છા થઈ આવે છે પણ એનો અર્થ એમ નથી કે આ કુતરાઓ ક્ષમાને યોગ્ય છે. મને ભારતની ગૌ-શ્વાનની પ્રતિપાલક સંસ્કૃતિની ચિંતા છે...' એમણે વાક્યમાં આવેલી ચિંતા ચહેરા ઉપર છાંટી. રાતે ભસેલા કુતરાઓના અવાજોથી જેમને કંઈ અસર નહોતી થઈ એવા નિરંજનના આંગણે ઉભેલા બે લીમડા સામે જોઈને એ બોલ્યા, 'અભદ્ર થઈ રહ્યું છે, તમને લોકોને ખ્યાલ નથી આવતો. આ દેશમાં અને વિશ્વમાં અબોલા પ્રાણીઓની આ વેદના ભલે મારી નિદ્રા હરી લે, પણ એના ગુઢાર્થો હું ના સમજી શકું એવો નઠોર નથી... હે નિરંજન ! થોડી સંવેદનશીલતા બતાવો.. ' નિરંજને કોઈ સચિવાલયને કાંઠે ઉભેલા પત્રકારની અદાથી પુછ્યું, 'શેની સંવેદનશીલતા અને શું રહસ્ય છે આ કુતરાઓના ઉજાગરાઓનું.. જરા, વિસ્તારથી સમજાવો... ' ચંદ્રંભદ્ર ઓટોમેટિક ગાડીમાં ગીયર બદલાય એનો ખ્યાલ જેમ સાદાસીધા ડ્રાઈવરને ના આવે એવી રીતે બદલાતી ગતિ અને ગીયર સાથે બોલ્યા... 'વત્સ..

મેં સાંભળ્યું છે કે હવે આ શહેરમાં પણ બીજા શહેરોની જેમ ફ્લેટ/એપાર્ટમેન્ટની ગીચતા વધતી જાય છે..' લોપામુદ્રાએ પત્ની તરીકે મશ્કરીભર્યા અવાજમાં કહ્યું, 'મહારાજ... ગીચતા વધે છે, નીચતા નહીં... ' અડધેથી અલ્પક્રોધિત અને નમ્રકોપિત અવસ્થામાં બોલ્યા, 'આર્યપુત્રી... વધું બોલો છો.. તમને ખબર પડતી નથી કે આ પ્રમાણે શહેરી વિકાસ થયા કરશે, અને ફ્લેટ/એપાર્ટમેન્ટ બહુમારી આવાસો વધ્યા કરશે તો ગાય-કુતરાને યાદ કરીને ભોજન કરાવતી મહિલાઓ શું કરશે ? ગાયકુતરાને ના ખવરાવો અને આ ફ્લેટકલ્ચર વધી જશે તો પુણ્યક્ષયના યોગ સર્જાશે એની આપત્તિનો વિચાર કરો... આ શ્વાનસમાજે એમના રાત્રિરુદનમાં આ શ્વાનારોળ ચકાગારોળ ના કહેવાય્ કરી છે... એટલે આ સમજવું જરુરી છે, વત્સ...નિરંજન.. !!!

# હાર્દિકનો ભાજપ પ્રવેશ : માસ્ટરસ્ટ્રોક...મજબુરી કે મહત્વાકાંક્ષા ?




બીબીસી સાથેની એક મુલાકાતમાં હાર્દિક પટેલે કહ્યું હતું કે "યોગી આદિત્યનાથ પર ૧૩૨ કેસ હતા. ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી બન્યા તેના બીજા જ દિવસે બધા કેસ હઠાવી દેવાયા હતા." બીજી જૂને વાજતે ગાજતે ભાજપમાં જોડાયેલા હાર્દિક પટેલના ભાજપમાં જવાના કારણો વિષે જો કોઈ વિચારતું હોય તો હાર્દિકે જ આપેલો આ જવાબ ઉપયોગી થઈ પડે એમ છે. અને આમ પણ હાર્દિકના જૂના જોગીઓ જ્યારથી હાર્દિકના ભાજપ પ્રવેશની અટકળો આવી ત્યારથી કહેતા આવ્યા છે કે પોતાના સ્વાર્થ માટે અને પોતાના પર થયેલા કેસોમાંથી બચવા માટે ભાજપ – બીજા શબ્દોમાં સત્તા સાથે બેસવું હાર્દિકની મજબુરી બની ગઈ હોવી જોઈએ. જો કે એ લોકો તો હાર્દિકને તકવાદી અને વિશ્વાસઘાતી ગણે છે પણ રાજકારણ એનાથી ઘણું ઉપર છે અને હાર્દિકનો ભાજપ પ્રવેશ એની સાબિતી છે. ખેર, હાર્દિકે શા માટે ભાજપનો સાથ લીધો અને એનાથી પણ અઘરો સવાલ એ છે કે ભાજપને શા માટે હાર્દિકને લેવાની જરૂર પડી એના જવાબો તો આવનાર છએક મહિનાઓમાં બધાને મળી જવાના છે પણ વાર-તહેવારે સોશિયલ મીડિયા પર કે જાહેરમાં પણ પોતાની રાજકીય વિચારધારાને લીધે બાખડી પડતાં.. બાયો ચડાવતા.. જનમ જન્મની દુશ્મનાવટ રાખતા દરેક લોકો માટે હાર્દિકનો આ ભાજપ પ્રવેશ એ વાતનો સંકેત છે કે રાજકારણીઓ અંદરખાને એક જ હોય છે અને જરૂર પડ્યે જાહેરમાં પણ એક થઈ જતાં વાર નથી લગાડતા એટલું જ નહીં પણ કોઈ પાર્ટી કે વ્યક્તિને લીધે દુશ્મનાવટ રાખતા લોકોએ પણ આ પ્રકરણ પરથી સમજવા જએવું છે કે રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત નથી હોતું કે કોઈ કાયમી દુશ્મન નથી હોતું..!!!!

હવે આવીએ ગુજરાતનાં રાજકારણમાં કોઈએ વિચાર્યું પણ નહીં હોય એવી આ ઘટના બનવા પાછળના કારણો પર. સૌથી મોટું કારણ તો જેમ હાર્દિકે કહ્યું એમ ગુજરાતનાં વિકાસમાં સહભાગી બનવા અને નરેન્દ્ર મોદીના હાથ વધુ મજબૂત કરવાનું છે. હાર્દિકે એમ પણ કહ્યું કે કોંગ્રેસમાં એનું કોઈ સ્થાન નહોતું અને એના પાસે કરી શકાય એવું કોઈ કામ પણ નહોતું. ચાલો એકવાર એ વાત સાચી માની લઈએ તો પણ એ હકીકત છે કે કોંગ્રેસે માત્ર ને માત્ર જે તે સમયે હાર્દિકની લોકપ્રિયતાનો લાભ લેવા જ એને કોંગ્રેસમાં સામેલ કરીને કાર્યકારી પ્રમુખ બનાવેલો. પણ છેલ્લા વીસેક વર્ષોથી ખુદ કોંગ્રેસ જ જ્યાં કામકાજ વગરની હોય ત્યાં હાર્દિકને કોણ કામ આપે ? અને બીજું કે કોંગ્રેસમાં આટઆટલી કારમી હાર છતાં પણ જુથવાદ અને વિખવાદ નાના માણસને પણ દેખાય છે એવામાં હાર્દિક જેવા ગજાવાળા માણસને તો કોણ આગળ આવવા દે..?? કોંગ્રેસ ગુજરાત અને હવે તો દેશ લેવલે પણ મુઠ્ઠીભર લોકો દ્વારા ચાલતો અને ધીમે ધીમે સમેટાઇ જતો પક્ષ બનતો જાય છે અને અનેક નામાંકિતો એનો સાથ છોડી રહ્યા છે એવામાં ગુજરાતમાં કે જ્યાં ૬ મહિનામાં ચૂંટણીઓ આવી રહી છે અને અત્યારથી જ કોંગ્રેસનું ભાવી ધૂંધળું દેખાય રહ્યું છે એવામાં સ્વાભાવિક છે કે પલટી મારનાર જીતનાર ઘોડા પર જ દાવ લગાવે, અને હાર્દિકે એ જ કર્યું છે.

હાર્દિકના ભાજપ પ્રવેશથી સ્વાભાવિકપણે જો કોઈ સૌથી વધુ ગુસ્સામાં હોય તો એ પાસ અને અનામત આંદોલન વખતના હાર્દિકના સાથીઓ અને પાટીદારોનો એક ચોક્કસ વર્ગ છે. જે અનામત આંદોલને દેશ અને દુનિયામાં હાર્દિકનું નામ ગાજતું કરેલું, જે અનામત આંદોલનના જોરે હાર્દિક પાટીદારોનો નવો નેતા બનેલો, જે હાર્દિકે ક્યારેય રાજકારણમાં નહીં જાવ એમ કહેલું અને જે અનામત આંદોલને ૧૪ જેટલા પાટીદાર યુવાનો અને અનેક લોકોના આશા-અરમાનોનો ભોગ લીધેલો એ જ હાર્દિક પહેલા કોંગ્રેસ અને હવે ભાજપમાં જઈને રાજનીતિ કરે એ એના જૂના સાથીઓથી સહન થાય એમ નથી. જો કે પાટીદાર અનામત આંદોલન સમિતિ ( પાસ ) ના હાર્દિક સાથેના જોડીદારોમાંથી નિખિલ સવાણી આપ માં, રેશ્મા પટેલ એનસીપી માં.. ચિરાગ પટેલ અને વરુણ પટેલ ઓલરેડી ભાજપમાં અને પાસના અનેક લોકો કોંગ્રેસમાં જોડાઈ ચૂક્યા છે. સ્વાભાવિક છે કે અનામત આંદોલન વખતના ઘણા કેસો હજુ કોર્ટમાં છે અને એમાંથી ઘણા પાછા ખેંચાયા નથી કે નથી ૧૪ જેટલા પાટીદાર યુવાનોના મૃત્યુનો પ્રશ્ન પણ પેન્ડિંગ છે એવામાં હાર્દિકે તો ભાજપમાં જતાં જ કહી દીધું છે કે આવનાર બે માસમાં આ પ્રશ્નોનો નિવેડો આવી જશે પણ એ તો સમય જ કહેશે કે ભાજપમાં જવું હાર્દિકને અને પાટીદારોના આ પ્રશ્નોને કેટલું ફળે છે. હાર્દિકના જવાથી તો આમપણ કોંગ્રેસને ખાસ કઈ નુકશાન નથી કેમકે ૨૦૧૭ મા સત્તાની એકદમ નજીક આવી ગયેલી કોંગ્રેસ પોતાના વિધાનસભ્યો પણ સાચવી નથી શકતી એના પાસેથી ૨૦૨૨ મા ભાજપને કડી ટક્કર આપવાની આશા રાખવી જ વ્યર્થ છે.

ચાલો એક વાત તો સમજમાં આવી ગઈ કે કોર્ટ કેસોના ચક્કર અને પોતાની રાજકીય મહત્વાકાંક્ષા માટે હાર્દિક ભાજપમાં જોડાયો છે પણ એ સમજવું અઘરું છે કે ભાજપને હાર્દિકની જરૂર કેમ પડી ? ભાજપ પાસે ઓલરેડી ઘણા પાટીદાર નેતાઓ છે એ ઉપરાંત આંદોલનકાળથી ભાજપના મોદી,શાહ થી લઈને ઘણા નેતાઓ સામે હાર્દિકે કરેલ બેબાક નિવેદનો એની વિરુધ્ધમાં હતા છતાં પણ હાર્દિક આજે ભાજપમાં છે એના અનેક કારણો છે અને એમાનું એક કારણ છે આગામી વિધાનસભામાં ભાજપે મૂકેલો ૧૫૦ બેઠકોનો ટાર્ગેટ. આગામી ચૂંટણીમાં પાટીદાર મતો નિર્ણાયક સાબિત થવાના છે અને એટલે જ છેલ્લા ત્રણ મહિનામાં ખુદ મોદી પટેલોના છએક કાર્યક્રમોમાં સંબોધન કરી ચૂક્યા છે એટલું જ નહીં પણ હાર્દિકને સામેલ કરવાનું બીજું કારણ એ પણ છે કે કોંગ્રેસનો એક તેજતર્રાર નેતા ઓછો થાય અને સરવાળે કોંગ્રેસ વધુ નબળી પડે અને ભાજપને ચૂંટણીજંગમાં વધુ મોકળૂ મેદાન મળે.કોંગ્રેસમાં રહીને હાર્દિક ભાજપનો વિરોધ કરતાં એ નહીં થાય એ ભાજપનો દેખીતો ફાયદો. આ ઉપરાંત ચર્ચા મુજબ જો નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાય તો એના સામે ઢાલ તરીકે હાર્દિકનો ઉપયોગ પણ થઈ શકે એટલું જ નહીં પણ ભલે ૨૦૧૭ જેવો હાર્દિકનો કરિશ્મા કે ફોલોવર્સ ના હોય છતાં આજે પણ હાર્દિકનો ગુજરાતનાં ઘણા વિસ્તારોમાં સારો સંપર્ક છે અને બીજું કે આપ ગુજરાતમાં જોર કરી રહી છે પણ હજુ એમને માટે ગાંધીનગર ઘણું દૂર છે અને એનું કારણ પણ એ જ છે જે કોંગ્રેસમાં છે – નેતાગીરીનો અભાવ આવા સંજોગોમાં ભાજપને ચૂંટણીમાં ખુલ્લુ મેદાન મળી શકે છે. ભાજપની સ્ટ્રેટર્જી સિમ્પલ છે કે વિરોધપક્ષમાંથી જેટલા આ બાજુ લઈ શકાય એટલા લઈ લો એટલે વિરોધપક્ષ નબળો પડી જાય. ચોક્કસપણે હાર્દિકના ભાજપમાં આવવાથી ભાજપનો પાયાનો કાર્યકર નારાજ થઈ શકે છે અને કદાચ એનો પડઘો કોઈ જગ્યાએ મતપેટીમાં પડી શકે છે પણ ભાજપ સંગઠન અને શિસ્તને વરેલો પક્ષ છે અને બીજું કે હાર્દિકને પક્ષમાં લેતા પહેલા એમણે પણ બધા પાસાનો વિચાર કર્યો જ હશે. આમ પણ હમણાં જ પૂરી થયેલી ઉત્તરપ્રદેશની ચૂંટણીની જેમ ગુજરાતની ચૂંટણી પણ વિકાસ, મોદી અને સુશાંશન ની આડમાં જ્ઞાતિઓના નામે જ લડાવાની છે એવામાં ૧૨-૧૪% જેવો બહોળો મતદારવર્ગ ધરાવતા પાટીદારોને ભાજપ તરફી વધુ વાળવામાં હાર્દિક ઉપયોગી તો થવાનો જ. ૨૦૧૭ મા જે પાટીદાર બેઠકો પર ભાજપની હાર થઈ હોય ત્યાં હાર્દિકને ઉતારવામાં આવી શકે છે. હાર્દિકનો ભાજપ પ્રવેશ ચોક્કસપણે એક શરૂઆત છે જ. અખબારી અહેવાલો મુજબ અને ખુદ હાર્દિકે કેસરીયો ધારણ કર્યો એ વખતે કહ્યા મુજબ આવનાર દિવસોમાં કોંગ્રેસમાંથી અને બીજેથી પણ વિકેટો પડશે જ અને એ પાડનાર બોલર ભાજપ જ હશે એમાં શંકાને કોઈ સ્થાન નથી જ. કેમ કે સિમ્પલ વાત છે કે નબળા અને વેરવિખેર દિશાહીન વિરોધપક્ષોને લીધે આગામી ચૂંટણીમાં ભાજપ જીતે એવું વાતાવરણ ઓલરેડી છે જ એટલે શાણો માણસ હમેશા જીતતા ઘોડા પર જ દાવ લગાવે..!!!!

(akurjt@gmail.com)